MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most

# સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા



## K-12 પૂર્વેના શિક્ષણ માટે મેરિલૅન્ડની યોજના

સુધારિત આવૃત્તિ જાન્યુઆરી 2004

Gujarati

# મેરિલેન્ડ સ્ટેટ બોર્ડ ઓફ એડયુકેશન


Edward L. Root
*પ્રમુખ*

Jo Ann T. Bell
*ઉપપ્રમુખ*

Dunbar Brooks
Calvin D. Disney
Rev. Clarence A. Hawkins
Walter S. Levin
Karabelle Pizzigati
Maria C. Torres-Queral
John L. Wisthoff
ખાલી જગા
Christopher J. Caniglia (*વિદ્યાર્થી સભ્ય*)

Nancy S. Grasmick
*બોર્ડના મંત્રી-ખજાનચી*
*શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષક*



MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
**ઓફિસ ઓફ એકેડેમિક પોલિસી**
Ronald Peiffer, રાજ્યસ્તરના સહાયક મુખ્ય નિરીક્ષક
200 West Baltimore Street • Baltimore, Maryland 21201-2595
ફોન: 410-767-0600/888-246-0016 • ફેક્સ 410-333-2275
**www.marylandpublicschools.org**


મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડયુકેશન નોકરી કે કાર્યક્રમોમાં ભાગ લેવાને અસર કરતી બાબતોમાં જાત, રંગ, જાતિ, વય, મૂળ દેશ, ધર્મ કે અસમર્થતાના આધાર પર ભેદભાવ નથી કરતો. વિભાગની નીતિઓ સંબંધિત વધુ માહિતી માટે, કૃપા કરીને અહીં સંપર્ક કરો:


Equity Assurance and Compliance Branch
Maryland State Department of Education
200 West Baltimore Street
Baltimore, MD 21201-2595
ફોન 410-767-0433 TTY/TDD 410-333-6442
ફેક્સ 410-767-0431


સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા

# અનુક્રમણિકા


મેરિલેન્ડના સાર્વજનિક શિક્ષણમાં ફેરબદલી 2

સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે 4

ઉચ્ચ અપેક્ષાઓ 6

અભ્યાસક્રમ 8

પ્રગતિને માપવી 10
- મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ 10
- મેરિલેન્ડ હાઇ સ્કૂલ અસેસમેન્ટ 16

વિશેષ જરૂરિયાતો કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની પરીક્ષા 21

જવાબદારી 22

કુટુંબને સામેલ કરવું 24

સિદ્ધિ માટે પ્રોત્સાહન આપવું 26

વધુ માહિતી માટે 28

# મેરિલેન્ડના સાર્વજનિક શિક્ષણમાં ફેરબદલી

એક વાલી તરીકે, તમને તમારા બાળકો માટે જે શ્રેષ્ઠ હોય એ જોઇએ છે. આમાં પ્રથમ શ્રેણીના શિક્ષણનો પણ સમાવેશ થાય છે, જે એમને ભવિષ્ય માટે તૈયાર કરશે. મેરિલેન્ડ રાજ્યને પણ, બાળકો માટે જે શ્રેષ્ઠ છે એ જોઇએ છે.

દરેક વિદ્યાર્થીના સિદ્ધિના સ્તરને ઉચું લાવવા, મેરિલેન્ડે **સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે,** ની રચના કરી, જે સાર્વજનિક શાળાઓ માટેની નવી યોજના છે જેમાં સિદ્ધિ, શિક્ષણ આપવા, પરીક્ષા લેવા, સુરક્ષા અને શાળાઓમાં કુટુંબને સામેલ કરવા વગેરે ક્ષેત્રો વિશેના ધ્યેયો નક્કી કરવામાં આવ્યા છે. સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે એ વિઝ્નરી પેનલ ફોર બેટર સ્કૂલ્સના કામ પર આધારિત છે અને એમાં 2001ના 'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદાની અને 'બ્રીજ ટુ એક્સીલન્સ ઇન પબ્લિક સ્કૂલ્સ' કાયદાની જરૂરિયાતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**'વિઝ્નરી પેનલ ફોર બેટર સ્કૂલ્સ'** વાલીઓ, શિક્ષકો, વહીવટકર્તાઓ, કોલેજના શિક્ષકો, નીતિ ઘડનારાઓ, અને મેરિલેન્ડના શાળા સુધારણાના પ્રયત્નોની સમીક્ષા કરનારા અને સુધારા માટેની ભલામણો કરનારા રાષ્ટ્રીય શૈક્ષણિક વિશેષજ્ઞોનું જૂથ હતું. શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષક Nancy S. Grasmickએ મેરિલેન્ડ શાળામાં સુધારાનો નવો દાયકો શરૂ કરવાની યોજનામાં તેણીને મદદ કરવા પેનલના સભ્યોને ભેગા કર્યા. તેઓની ભલામણો 'સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે' નો મુખ્ય આધાર છે.

**'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ'** કાયદો યૂ. એસ. કોંગ્રેસ દ્વારા જાન્યુઆરી 8, 2002 ના રોજ પસાર કરી હસ્તાક્ષરિત કરવામાં આવ્યો હતો. કાયદા હેઠળ રાજ્યો માટે માનકો વિકસાવવા અને તેના તરફની વિદ્યાર્થીઓની પ્રગતિ માપવી, શાળાઓ પરના "રિપોર્ટ કાર્ડ" પ્રકાશિત કરવા, શિક્ષકો ઉચ્ચ યોગ્યતા પ્રાપ્ત હોય એની ખાતરી કરવી, અને







શાળાઓ સુરક્ષિત ન હોય કે પ્રગતિ સાધતી ન હોય તો તેમની સામે પગલાં ભરવા, વગેરે જરૂરિયાતો છે. મેરિલેન્ડે આ બધું ઘણાં વર્ષોથી કર્યું છે. પરંતુ, નવો કાયદો મેરિલેન્ડને સુધારા માટે રાષ્ટ્રીય માર્ગદર્શન અને સમયમર્યાદા દે છે.

**'બ્રીજ ટુ એક્સીલન્સ ઇન પબ્લિક સ્કૂલ્સ'** કાયદો મેરિલેન્ડ જનરલ એસેમ્બલીમાં વસંત 2002માં પસાર કરાયો હતો. આ કાયદો સાર્વજનિક શાળાઓ માટેની નાણાંકીય સહાયતા વધારે છે, વિશેષ શૈક્ષણિક જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ માટે નાણાંકીય સહાયનું પ્રમાણ વધારે છે, અને પૈસા કેવી રીતે વપરાય છે એ માટે શાળાકીય પદ્ધતિને વધુ છૂટ આપે છે. આ નાણાંકીય સહાયના બદલામાં, દરેક શાળાકીય પદ્ધતિએ તેના બધાં જ વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર સુધારવા માટે યોજના વિક્સાવવી અનિવાર્ય છે. શાળાકીય પદ્ધતિઓએ બધા બાળકો માટે પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન કાર્યક્રમો અને ઓછી આવકવાળા કુટુંબો માટે કિન્ડરગાર્ટન-પૂર્વેના કાર્યક્રમો સ્થાપવા અનિવાર્ય છે.

મેરિલેન્ડ રાજ્ય પણ,
બાળકો માટે
શ્રેષ્ઠ ઇચ્છે છે.



# સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે

'સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે' મેરિલેન્ડ સાર્વજનિક શિક્ષણ માટે પાંચ સરળ પણ પડકાર રૂપ ધ્યેયો સ્થાપે છે.

**ધ્યેય 1: દરેક વિદ્યાર્થીની સિદ્ધિમાં સુધારો આવશે.** કોઇપણ શૈક્ષણિક યોજના કે નીતિનો ધ્યેય વિદ્યાર્થીની સિદ્ધિ સુધારવાનો છે. પણ મેરિલેન્ડને અલગ તારવનારું છે, દરેક વિદ્યાર્થી પર અપાતું ધ્યાન. મેરિલેન્ડ વિવિધ જાતો અને વંશો, કૌટુંબિક આવકો, પ્રાદેશિક ભાષા કે અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓની કામગીરી વચ્ચેના અવકાશને દૂર કરવા બાબતે ગંભીર છે. બધા વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરે એની ખાતરી કરવા, શાળાઓ પાસે જાત/વંશ, જાતિ અસમર્થતા, ગરીબી દરજ્જો, પરદેશી વસાહતીનો દરજ્જો, કે સિમીત અંગ્રેજી કૌશલ્યને ધ્યાનમાં લીધા વિના બધા જ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ દર્શાવવાની અપેક્ષા રખાઇ છે. નિમ્નલિખિત બધા ધ્યેયો આ ધ્યેયની સફળતા માટે સહાય કરે છે.

**ધ્યેય 2: અભ્યાસક્રમ, સૂચના અને પરીક્ષા વધુ સારી રીતે ગોઠવાશે અને સમજી શકાશે.** અભ્યાસક્રમ, સૂચના, અને પરીક્ષા શિક્ષણની ઇમારત માટે પાયારૂપ છે. આ ત્રણ વચ્ચેનો સંબંધ, કે ગોઠવણી, ખૂબ જ અગત્યની છે. દરેક ગ્રેડમાં, દરેક વિષયમાં કયા વિષય અને આવડતો શીખવવી એ સ્પષ્ટ કરવા મેરીલેન્ડ નવો અભ્યાસક્રમ વિકસાવી રહ્યું છે. અભ્યાસક્રમના વિષય અને આવડતો વિદ્યાર્થીએ કેટલી સારી રીતે શીખ્યા છે એ મેરિલેન્ડની પરીક્ષા માપશે. પરીક્ષાના પરિણામો શિક્ષકોને વિદ્યાર્થીઓની શકિત અને નબળાઇ ઓળખવામાં અને સૂચના સુધારવામાં ઉપયોગી થઇ પડશે. પરિણામો વાલીઓને પણ તેમના બાળકોની શૈક્ષણિક કામગીરીનું સ્પષ્ટ ચિત્રણ કરે છે.

**ધ્યેય 3: શિક્ષણ આપનાર દરેક વ્યકિત પાસે વિદ્યાર્થીની સિદ્ધિ સુધારવા જરૂરી આવડતો હશે.** જો વિદ્યાર્થીઓને ઉચ્ચ માનકો સર કરવા હશે, તો તેઓને એવા કુશળ શિક્ષકો જોઇશે જેઓ અભ્યાસક્રમને પૂરેપૂરો સમજતા હોય અને એ કેવી રીતે શીખવવો એ જાણતા હોય. મેરિલેન્ડે વર્ગ માટે શ્રેષ્ઠ ઉમેદવારો નોકરીએ રાખવા પડશે અને તેમને આ વ્યવસાયમાં ટકી રહેવા કારણો આપવા પડશે. આ નવા શિક્ષકોને સહાયતા અને માર્ગદર્શન જોઇએ છે, દરેક શિક્ષકને નિરંતર તાલીમ અને પાઠોની યોજના કરવા માટે સમય જોઇએ છે. અને દરેક શાળાને ઉચ્ચ યોગ્યતા પ્રાપ્ત પ્રિન્સિપાલનું નેતૃત્વ જોઇએ છે.







**ધ્યેય 4: બધી શાળાઓ સુરક્ષિત, ડ્રગ-રહિત અને શિક્ષણ માટે સંવાહક હશે.** બધા વિદ્યાર્થીઓને તેઓ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે એવી શાળાઓમાં ભણવાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે શાળાઓએ શિક્ષણ માટે સુરક્ષિત, સ્વસ્થ વાતાવરણ ઉભું કરવું જોઇએ. શાળાકીય હિંસા અને આતંકવાદીઓના હુમલાઓને ધ્યાનમાં લઇને મેરિલેન્ડની શાળાઓએ સુરક્ષાને પ્રાથમિક મહત્ત્વ આપ્યું છે. મેરિલેન્ડની બધી શાળાઓએ સુરક્ષા વધારવા અને હેરાનગતિ અને મશ્કરી ઘટાડવા રચાયેલા રાજ્યના નિયંત્રણો પાળવા અનિવાર્ય છે. આ ઉપરાંત, દરેક શાળા પાસે સ્થાનિક શાળા પદ્ધતિ યોજના આધારિત સુરક્ષા યોજના અને આચારસંહિતા છે. તમારા બાળકની શાળાનો તેમની સુરક્ષા નીતિઓ અને શિસ્તના ધોરણો વિશે ચર્ચા કરવા સંપર્ક કરો.

**ધ્યેય 5: શિક્ષણમાં વાલીઓ અને કાનૂની પાલકોને સામેલ કરવામાં આવશે.** એક વાલી કે કાનૂની પાલક તરીકે કદાચ તમે જાણતા હશો, કે જે બાળકોનું કુટુંબ શાળામાં ભાગ લે છે તેઓ ઉચ્ચ ગ્રેડ મેળવે છે, સારી વર્તણુંક દાખવે છે, અને ઉચ્ચ માધ્યમિક શાળામાંથી સ્નાતક થઇને તેમનું શિક્ષણ ચાલુ રાખવાની સંભાવના વધુ હોય છે. વાલીઓનો સમાવેશ શિક્ષકોની હોંશ વધારે છે, અને કુટુંબો અને સમુદાયને એકબીજાની નજીક લાવે છે. શાળા અને ઘર વચ્ચે, નિયમિત બે તરફની વાતચીત અગત્યની છે. વાલીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા માટે, શાળાઓએ કુટુંબો સાથે અવારનવાર, સ્પષ્ટ રીતે, અને અર્થપૂર્ણ વાતચીત કરવી જોઇએ, અને તેમના બાળકોને અસર કરતા નિર્ણયોમાં તેમના મંતવ્યો પૂછવા જોઇએ.

# ઉચ્ચ અપેક્ષાઓ

જો બધા બાળકોને સફળતા માટે સમાન તક આપવી હશે, તો શાળાઓએ બધા વિદ્યાર્થીઓ પાસે ઉચ્ચ અપેક્ષા રાખવી પડશે. અહીં નીચે અમુક માર્ગો દર્શાવ્યા છે જેના દ્વારા મેરિલેન્ડ ઉચ્ચ અપેક્ષાઓને પ્રોત્સાહિત કરે છે અને બધા વિદ્યાર્થીઓના વિકાસ માટે શાળાઓને મદદ કરે છે.

- **મેરિલેન્ડ સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ** શિક્ષકો અને વાલીઓ માટે એ સ્પષ્ટ કરશે કે વિદ્યાર્થીઓએ દરેક ગ્રેડ અને વિષયમાં શું શીખવું જોઇએ.

- **મેરિલેન્ડ શાળાઓને** વિદ્યાર્થીઓની વાંચન અને ગણિતની કામગીરી અને હાજરી કે સ્નાતક થવાનો દર **વધારવાના વાર્ષિક ધ્યેયો હોય છે.** શાળાઓને પર્યાપ્ત વાર્ષિક પ્રગતિ સાધવા વિદ્યાર્થીઓના બધા પેટાજૂથોમાં તેમના બધા ધ્યેયો પ્રાપ્ત કરવા અનિવાર્ય છે. કુલ આઠ પેટાજૂથો છે: જાત/વંશ આધારિત પાંચ પેટાજૂથો, અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓ, સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓ, અને મફત કે ઓછા-ભાવે ભોજન મેળવતા વિદ્યાર્થીઓ (જે તેમની ગરીબી દર્શાવે છે).

- **જે શાળા** બે વર્ષ સુધી **પર્યાપ્ત વાર્ષિક પ્રગતિ નહિ સાધે**, તેને રાજ્ય શાળા સુધારણા માટે ઓળખવામાં આવશે. જવાબદારી અને રાજ્ય શાળા સુધારણા પ્રક્રિયા વિશે વધુ માહિતી માટે પાના ક્રમાંક 22 જુઓ.



- **શાળાની કામગીરી દર વર્ષે એક વાર્ષિક રિપોર્ટ કાર્ડમાં અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે** (મેરિલેન્ડ સ્કૂલ પર્ફોમન્સ રિપોર્ટ) જેથી વાલીઓ અને સમુદાય તેમની શાળાઓ કેટલી સારી કામગીરી કરે છે એ જાણી શકે. તમારા બાળકની શાળા તમને અહેવાલની એક પ્રત આપશે. આ ઉપરાંત એ www.mdreportcard.org વેબ સાઇટ પર પણ ઉપલબ્ધ છે.







- **દરેક શાળામાં એક શાળા સુધારણા માટેનું જૂથ હોય છે** જે વિદ્યાર્થીઓનું શિક્ષણ સુધારવાનું કામ કરે છે. આ જૂથો શિક્ષકો, વાલીઓ, અને સમુદાયના સભ્યોનું બનેલું હોય છે, જેઓ શાળાની કામગીરીની યાદીનો અભ્યાસ કરે છે અને સૂચનામાં સુધારણાઓ નક્કી કરે છે.

- જે શાળાઓ બધી જૂથના વિદ્યાર્થીઓની કામગીરીમાં ઉલ્લેખનીય સુધારો લાવે તેમને કદાચ **નાણાંકીય ઇનામ અને જાહેર માન્યતા** આપવામાં આવે.

- **રાજ્યની કુટુંબને સામેલ કરવાની નીતિ** શાળાના નેતાઓ, કુટુંબો, અને સમુદાયને સાથે મળીને કામ કરવા અને બાળકોના શિક્ષણની જવાબદારીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે.

હવે પછીના પાનાઓમાં શાળાઓને 'સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે' ના ધ્યેયો પૂરા કરવામાં મેરિલેન્ડ કેવી રીતે મદદ કરી રહ્યું છે એ સમજાવવામાં આવ્યું છે. તમે તમારા બાળકના શિક્ષણમાં કેવી રીતે ભાગ લઇ શકો છો એના માટેના સલાહ-સૂચનો પણ આપવામાં આવ્યા છે. *સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા* વાંચ્યા બાદ તમે કદાચ તમારા બાળકના શિક્ષક કે પ્રિન્સિપાલ સાથે વિદ્યાર્થીની સિદ્ધિ વધારવા માટે શાળા શું કરી રહી છે અને તમે એમાં મદદ કરવા શું કરી શકો છો એ વિશે વાતચીત કરવાની ઇચ્છા રાખી શકો છો.

# અભ્યાસક્રમ

મેરિલેન્ડ એક સ્વૈચ્છિક રાજ્ય સ્તરનો અભ્યાસક્રમ વિકસાવવા કાર્ય કરી રહી છે.

## અભ્યાસક્રમ એટલે શું?

અભ્યાસક્રમ એક દસ્તાવેજ છે જે દરેક વિષય અને ગ્રેડમાં વિદ્યાર્થીઓએ શું શીખવું જોઇએ એનું વિવરણ આપે છે. એ શિક્ષકોને તેમના પાઠોની યોજના બનાવવામાં મદદ કરે છે અને સૂચના સુધારવામાં એ એક અગત્યનો ભાગ ભજવે છે. પરંપરાગત રીતે, મેરિલેન્ડની દરેક 24 સ્થાનિક શાળા પદ્ધતિઓ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડ્સ (મેરિલેન્ડ વિષય માનકો) પર આધારિત, જેમાં વિદ્યાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શું શીખવું જોઇએ તેનું સવિસ્તાર વર્ણન છે, સ્વયં પોતાના અભ્યાસક્રમ બનાવે છે.

## શા માટે રાજ્યસ્તરનો અભ્યાસક્રમ બનાવવો?

શાળા પદ્ધતિઓમાં શું અને ક્યારે શીખવવામાં આવે છે એ બાબતોમાં ભેદભાવ છે. શિક્ષકોને શું શીખવવું એ સમજવામાં મદદ કરવા, મેરિલેન્ડ એક સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ વિકસાવી રહ્યું છે જે સ્પષ્ટ અને વિગતવાર હશે.

## શા માટે રાજ્યસ્તરનો અભ્યાસક્રમ જરૂરી ન હોઇને સ્વૈચ્છિક હશે?

અભ્યાસક્રમ વિશેના નિર્ણયો સ્થાનિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવે છે, રાજ્ય દ્વારા નહિ. નવો મેરિલેન્ડ અભ્યાસક્રમ દરેક શાળા પદ્ધતિઓને તેમના પોતાના અભ્યાસક્રમ તરીકે અપનાવવા કે તેમના પોતાના અભ્યાસક્રમમાં સામેલ કરવા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યસ્તરનો અભ્યાસક્રમ અપનાવવો જરૂરી નહિ હોય.

## સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડસથી કઇ રીતે અલગ હશે?

મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટાન્ડર્ડ્સ વિદ્યાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછામાં ઓછું શું ભણવું જોઇએ એના વિશે સવિસ્તાર વર્ણન ધરાવે છે. રાજ્યસ્તરની બધી પરીક્ષાઓ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટાન્ડર્ડ્સ પર આધારિત હોય છે. પરંતુ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડ્સ દરેક *ગ્રેડમાં* શું શીખવવું જોઇએ એનું વર્ણન નથી કરતા. મેરિલેન્ડનો રાજ્યસ્તરનો અભ્યાસક્રમ વિષય માનકો કરતા વધુ વિશિષ્ટ હશે. અભ્યાસક્રમ દર્શાવશે કે દરેક *ગ્રેડના* દરેક





*વિષયમાં* (વાંચન/અંગ્રેજી ભાષા, કલા, ગણિત, વિજ્ઞાન, સામાજિક અભ્યાસ, ફાઇન આર્ટસ, સ્વાસ્થ્ય, શારીરિક શિક્ષણ અને વિદેશી ભાષા) શું શીખવવું જોઇએ.

## અભ્યાસક્રમ કેવો દેખાશે?

મેરિલેન્ડના સ્વૈચ્છિક અભ્યાસક્રમમાં વિગતો ત્રણ સ્તરોમાં હશે: વિષય માનકો, નિદર્શન કરનારા, અને હેતુઓ. દર્શાવનારા વિધાનો, રાજ્ય કન્ટેન્ટ સ્ટાન્ડર્ડસમાંથી શેની આકારણી કરવામાં આવશે એ દર્શાવે છે. હેતુઓ, વિદ્યાર્થી દરેક ગ્રેડના સ્તરે ક્યો વિશિષ્ટ વિષય કે આવડત શીખશે એનું વર્ણન કરે છે. આ ત્રણ સ્તરની વિગતો શિક્ષકોને વિદ્યાર્થીઓ માટે પાઠો અને કાર્યોની યોજના કરવામાં મદદ કરશે. નીચે અભ્યાસક્રમનો એક નાનો ભાગ કેવો દેખાશે એ બતાવ્યું છે. આ એક ઉદાહરણ અનેક ગાણિતીક આવડતોમાંની માત્ર એક આવડત દર્શાવે છે જે છઠ્ઠા ગ્રેડના વિદ્યાર્થીઓ શીખશે: સમીકરણો અને અસમાનતા કેવી રીતે ઉકેલવા.

### ગ્રેડ 6 ગણિત

- ■ વિષય માનક: બીજગણિત, રચનાઓ, કે ફંકશન્સ. વિદ્યાર્થીઓ રચનાઓ કે કાર્યકારી સંબંધો ધરાવતી ગાણિતીક કે ખરા-જગતની મુશ્કેલીઓ બૈજિક રીતે દર્શાવશે, મોડેલ કરશે, વિશ્લેષણ કરશે, કે ઉકેલશે.
  - ❍ દર્શાવનાર વિધાન: સમીકરણો અને અસમાનતાઓ ઓળખો, લખો, ઉકેલો, અને લાગુ પાડો.

    હેતુ:
    - સંબંધો દર્શાવવા સમીકરણો અને અસમાનતાઓ લખો.
    - રેખામય સમીકરણમાં ન જાણેલું નક્કી કરો.

## અભ્યાસક્રમ ક્યારે તૈયાર થઇ જશે?

સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ હાલમાં preK-8 ગ્રેડના વાંચન/અંગ્રેજી ભાષા, કલા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક અભ્યાસ વિષયો માટે અને ગ્રેડ 10ના વાંચન વિષય માટે બનાવવામાં આવી રહયો છે. રાજ્ય અને સ્થાનિક શાળા પદ્ધતિઓ હાલમાં મેરિલેન્ડનો સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ વિદેશી ભાષા, ફાઇન આર્ટસ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ અને ઉચ્ચ શાળા સ્તરમાં આવરેલા વિષયો - બીજગણિત/વિગત પૃથ્થકરણ, ભૂમિતી, અંગ્રેજી I, સરકાર, અને જીવશાસ્ત્ર વિષયો માટે વિકસાવી રહ્યા છે. સ્વૈચ્છિક કાર્યક્રમના વિકાસની તાજેતરની માહિતી માટે મેરિલેન્ડ શિક્ષણ વિભાગની વેબ સાઇટ www.marylandpublicschools.org જુઓ.

# પ્રગતિ માપવી

વિદ્યાર્થીઓ કેટલું સારું ભણી રહ્યા છે એ જાણવા શાળાઓ પરીક્ષા લેશે. પરીક્ષાના ગુણાંકો પ્રિન્સિપાલ અને શિક્ષકોને સૂચના સુધારવા અને શાળાના કાર્યક્રમોની યોજના કરવામાં મદદ કરે છે. પોતાના વ્યકિતગત ટેસ્ટ ગુણાંકો શિક્ષકો અને વાલીઓને વિદ્યાર્થીઓની અધ્યયન વિશે કુશલતાઓ અને કમજોરીઓ સમજવામાં મદદ કરશે. તમારા બાળકની શાળા તમને જણાવશે કે તે કે તેણી કઇ પરીક્ષાઓ દેશે. મેરિલેન્ડના રાજ્યસ્તરની પરીક્ષાના બે કાર્યક્રમો છે: મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ અને મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ.

# મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ

## મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ (મેરિલેન્ડ શાળાની આકારણી) શું છે?

- મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ (MSA) વાંચન અને ગાણિતીક સિદ્ધિની પરીક્ષા છે. 2008 સુધીમાં MSA વિજ્ઞાનમાં સિદ્ધિ પણ માપશે.
- MSA ફેડરલના 'નો ચાઇલ્ડ લેફટ બિહાઇન્ડ' (કોઇ બાળક પાછળ ન રહે) કાયદા માટેની જરૂરિયાતો પૂરી પાડશે.
- તે મૂળભૂત અને ઉચ્ચ આવડતો માપશે.
- પરીક્ષા પૂરી કરવા વિદ્યાર્થીઓ એકલાજ કાર્ય કરશે, જૂથમાં નહિ.
- વિદ્યાર્થીઓ દરેક દિવસે અંદાજે 90 મિનિટ માટે પરીક્ષા આપે છે. પરીક્ષાના કુલ ચાર દિવસો હોય છે - બે દિવસ વાંચનની પરીક્ષા માટે અને બે દિવસની ગણિતની પરીક્ષા માટે.
- પરીક્ષામાં બહુદ્દપસંદગી સવાલો અને લેખિત જ્વાબો માંગતા સવાલોનો સમાવેશ થશે.
- પરીક્ષાના નમૂના પ્રશ્નો પાના 12-15 માં આપ્યા છે. વધુ પ્રશ્નો www.marylandpublicschools.org વેબસાઇટ પર ઉપલબ્ધ છે.



સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા

## MSA ક્યારે આપવામાં આવશે?

પરીક્ષા દર વર્ષે માર્ચ મહિનામાં, 3 થી 8 ગ્રેડ સુધીમાં વાંચન અને ગણિત માટે, અને ગ્રેડ 10માં વાંચન માટે લેવાય છે. બાળકો ભૂમિતિનો અભ્યાસક્રમ પૂરો કરે પછી એ ભૂમિતિ માટે પણ લેવાય છે. માર્ચ 2008 સુધીમાં, ગ્રેડ 3, 5 અને 8 માટે વિજ્ઞાન વિષય ઉમેરવામાં આવશે. ઉચ્ચ માધ્યમિક શાળામાં વિજ્ઞાનની પરીક્ષા લેવાની ફેડરલ જરૂરિયાત મેરિલેન્ડની જીવશાસ્ત્રની હાઇસ્કૂલ અસેસમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ઉચ્ચ માધ્યમિક શાળાની પરીક્ષાઓ વિશે વધુ માહિતી માટે પૃષ્ઠ 16 જૂઓ.

## શું હું મારા બાળક માટેના MSA ગુણાંકો મેળવી શકીશ?

હા. વિષય વસ્તુ તમારું બાળક કેટલી સારી રીતે શીખ્યું, અને રાષ્ટ્રીય સ્તરે બીજા બાળકોની તુલનામાં તમારા બાળકે કેવી કામગારી કરી એ ગુણાંકો દર્શાવશે. ગુણાંક રિપોર્ટ પરીક્ષા માટેની શાળા, સ્થાનિક શાળા પદ્ધતિ, અને રાજ્યની કામગીરી પણ દર્શાવશે. ગુણાંકો આધારભૂત, નિષ્ણાત, અને આગળ પડતી કામગીરીના રૂપે રિપોર્ટમાં દર્શાવવામાં આવે છે. એકલા MSA ગુણાંકો તમારા બાળકની શૈક્ષણિક કામગીરીનું માત્ર આંશિક ચિત્ર જ દર્શાવે છે. પરંતુ તમારા બાળકના વર્ગકામ, ઘરકામ, અને બીજી પરીક્ષાઓના ગુણાંકો સાથે MSA પરિણામો તમારા બાળકની કામગીરી વિશે સારું એકંદર ચિત્ર આપશે.



# મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ પરીક્ષાના સવાલોના નમૂના

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટમાં પૂછાઇ શકાય એવા પ્રકારના સવાલોના અહીં ઉદાહરણો આપવામાં આવ્યા છે. પરીક્ષાના સવાલોના વધુ નમૂના ઇન્ટરનેટ પર www.marylandpublicschools.org વેબસાઇટ પર મુકવામાં આવ્યા છે.

## *નમૂના પ્રશ્ન – ગ્રેડ 3 ગણિત*

**સૂચના:** તમારા જ્વાબને મળતા કુંડાળાને ઘેરો કરો.

ડારિયાને એના ખિસ્સામાં અમુક સિક્કા મળયા. નીચે આપેલા સિક્કા જુઓ.



**ડારિયાને તેણીના ખિસ્સામાંથી કેટલા પૈસા મળયા?**

વિદ્યાર્થીનો જ્વાબ:

- ○ A $.92
- ● B $1.02
- ○ C $.41
- ○ D $.42



## *નમૂના પ્રશ્ન – ગ્રેડ 5 ગણિત*

**સૂચના:** નીચે આપેલા અપૂર્ણાંકો જુઓ.

$\frac{5}{4}$ $2\frac{1}{2}$ $\frac{13}{8}$

### ભાગ A

**ક્રમાંકોને ઓછામાં ઓછા થી લઇને સૌથી મોટાના ક્રમમાં ગોઠવો.**

વિદ્યાર્થીનો જ્વાબ:

$\frac{5}{4}$ $\frac{13}{8}$ $2\frac{1}{2}$

### ભાગ B

**તમારો જ્વાબ શા માટે સાચો છે એ સમજાવવા તમે અપૂર્ણાંકોની તુલના વિશે જે જાણો છો એનો ઉપયોગ કરો. જ્વાબ સમજાવવા શબ્દો અને/અથવા ક્રમાંકો વાપરો.**

વિદ્યાર્થીનો જ્વાબ:

મેં પ્રથમ $\frac{5}{4}$ ને $1\frac{2}{8}$ તરીકે બદલ્યો અને પછી $\frac{13}{8}$ ને $1\frac{5}{8}$ તરીકે.

ત્યારબાદ મેં $2\frac{1}{2}$ ને $2\frac{4}{8}$ તરીકે બદલ્યો અને પછી મેં એમને ક્રમમાં ગોઠવ્યા. $1\frac{2}{8}$ પ્રથમ આવશે કારણકે $\frac{5}{8}$ કરતા $\frac{2}{8}$ ઓછા છે અને બંને અપૂર્ણાંકો 2 થી ઓછા છે.

*નોધ: વિદ્યાર્થીઓ જ્વાબ સુધી વિભિન્ન માર્ગે પહોંચી શકે છે.*

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટના વાંચન વિભાગમાં પૂછાઇ શકાય એવા પ્રકારના સવાલોના ઉદાહરણો અહીં આપવામાં આવ્યા છે. દરેક ગ્રેડ સ્તરની પરીક્ષા આવડતોની વિવિધ શ્રેણીઓ આવરતા મિશ્રિત પ્રકારના પ્રશ્નો (બહુ-પસંદગી અને લેખિત પ્રત્યુત્તર) ધરાવે છે.

## *નમૂના પ્રશ્ન - ગ્રેડ 3 વાંચન*

**સૂચના:** નીચે લીટી કરેલા શબ્દોનો સમાન, કે લગભગ સમાન, અર્થ ધરાવતો શબ્દ પસંદ કરો. પછી તમારી પસંદગીના જવાબની જગ્યા પર નિશાની કરો.

<u>છાંટવું</u> એટલે ______.

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A ઉકાળવું
- ○ C ભુકકો કરવો
- ○ B ખેંચવું
- ● D વેરવું

## *નમૂના પ્રશ્ન - ગ્રેડ 5 વાંચન*

**સૂચના:** નીચે લીટી કરેલા શબ્દોનો સમાન, કે લગભગ સમાન, અર્થ ધરાવતો શબ્દ કે શબ્દોનું જૂથ પસંદ કરો. પછી તમારી પસંદગીના જવાબની જગ્યા પર નિશાની કરો.

ભોજન પછી વર્ગ સુસ્ત (<u>ડાઉઝી</u>) હતો અને ધ્યાન આપવામાં તકલીફ અનુભવતો હતો <u>ડાઉઝી</u> ફિલ્મનો અર્થ છે—

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A પૂર્ણ
- ○ C ધીર
- ○ B મોડું
- ● D ઊંઘણશી

## *નમૂના પ્રશ્ન - ગ્રેડ 8 વાંચન*

*નોંધ: વિદ્યાર્થીઓને "અરાચને" અને "ડેમોન એન્ડ પાયથીઆસ" વાર્તાઓ વાંચીને નીચેના પ્રશ્નોના જવાબો આપવા કહેવામાં આવ્યું હતું.*

**સૂચના:** આ સવાલ વાંચો અને ઉત્તમ જવાબની પસંદગી કરો. પછી તમારી પસંદગીના જવાબની જગ્યા પર નિશાની કરો.

પાયથીઆસને એના સંબંધોનો ઉકેલ લાવવા દઇને, ડાયોનીસસ દેખાડે છે કે એ બની શકે છે—

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A બહાદુર
- ○ C તટસ્થ
- ● B કરુણામય
- ○ D અનિર્ણિત



મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટના અમુક સવાલો લેખિત જવાબ માંગે છે. શિક્ષકો એમને "બનાવેલા-પ્રત્યુત્તરવાળી બાબતો" તરીકે ગણે છે, કારણકે વિદ્યાર્થીઓએ સંભવિત જવાબોને સૂચીમાંથી પસંદ કરવાની જગ્યાએ તેમના જવાબો જાતે જ બનાવવા પડે છે. નીચે આપેલો પ્રશ્ન વિદ્યાર્થીઓને મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટમાં પૂછી શકાય એવા સંક્ષિપ્ત બનાવેલા-પ્રત્યુત્તરનું ઉદાહરણ છે.

## *નમૂના વાંચન - ગ્રેડ 8 વાંચન*

*નોંધ: આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા વિદ્યાર્થીઓ સંપાદક સમક્ષ બે પત્રો વાંચશે જે રોઝી હાઇટ્સ જૂનિયર હાઇસ્કૂલે તેનો મૅસ્કટ "માઇટી મ્યૂલ" બદલવો કે નહિ તે વિશેના બે વિરોધી મંતવ્યો દર્શાવશે. બે પત્રો વાંચ્યા બાદ વિદ્યાર્થીઓ બહુ-પસંદગી અને બનાવેલા-પ્રત્યુત્તરવાળા સવાલોની શૃંખલાના જવાબો આપશે. બનાવેલા-પ્રત્યુત્તરનો સવાલ અને જવાબ કેવો દેખાશે એનું ઉદાહરણ નીચે આપવામાં આવ્યું છે.*

**સૂચના:** માર્ગરેટ કાલ્ડવેલનો સંપાદક પરનો પત્ર વાંચો. પછી એન્ટોન લાઝ્લોનો પત્ર વાંચો.

માર્ગરેટ કાલ્ડવેલના પત્રનો સારાંશ લખો. સારાંશમાં મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કરી લીધાની ખાતરી કરજો.

**વિદ્યાર્થીનો સંભવિત પ્રત્યુત્તર:**

અમુક લોકો મૅસ્કટથી છૂટવા માંગતા હશે, તો પણ માર્ગરેટ કાલ્ડવેલ આશા રાખે છે કે તમે તેની સાથે સહમત થશો. વર્ષો પહેલાં, એક વિદ્યાર્થી એક રમતમાં ખચ્ચર (મ્યૂલ) પર સવાર થઇને આવ્યો અને તેમની ટીમ હારતી હોવા છતાં જીતી ગઇ. તેઓ માર્ગરેટના દાદા હતા, અને એ મ્યૂલ મૅસ્કટ બની ગયો. એ ઘણાં વર્ષોથી મૅસ્કટ તરીકે રહ્યો છે, અને તેણી આશા રાખે છે કે એ બદલવામાં નહિ આવે, કારણકે મ્યૂલ એક સારો શુકનિયાળ મૅસ્કટ રહ્યો છે.

*નોંધ: આ પ્રત્યુત્તર માર્ગરેટ કાલ્ડવેલના પત્રની ઊંડાણપૂર્વકની સમજ દર્શાવે છે. પરંતુ વિવિધ પ્રકારના પ્રત્યુત્તરો સ્વીકારવામાં આવશે.*



# મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ્

## મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ (મેરિલેન્ડ ઉચ્ચ માધ્યમિક શાળાની આકારણીઓ) શું છે?

મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ (HSA) એ અંગ્રેજી 1, બીજગણિત/વિગત વિશ્લેષણ, સરકાર, અને જીવશાસ્ત્ર વિષયોની પરીક્ષાઓ છે. વિદ્યાર્થીઓ દરેક પાઠયક્રમ પૂરો કર્યા બાદ તેની પરીક્ષા દેશે. (આમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થી ઓ જેઓ ઉચ્ચ શાળા સ્તરના પાઠયક્રમો લે છે તેમનો પણ સમાવેશ થાય છે.) પરીક્ષાઓમાં બહુ-પસંદગી સવાલો અને લેખિત જવાબો માંગતા સવાલોનો સમાવેશ થાય છે. વ્યક્તિગત વિદ્યાર્થીઓ, શાળાઓ, સ્થાનિક શાળા પદ્ધતિ, અને રાજ્ય માટે ગુણાંકો આપવામાં આવે છે.

## શું મારા બાળકે સ્નાતક (ગ્રેજ્યુએટ) થવા HSA માં પાસ થવું અનિવાર્ય છે?

હાલમાં નહિ. **દરેક વિદ્યાર્થીએ HSA આપવી જરુરી છે, પરંતુ પાસ થવું જરુરી નથી.** વહેલામાં વહેલું વિદ્યાર્થીઓનું જૂથ જેણે સ્નાતક થવાની જરુરિયાત તરીકે HSA આપીને પાસ થવું જરુરી છે, એ હશે 2009 નો સ્નાતક વર્ગ.





## શું વિદ્યાર્થીઓ તેમની HSA ની કામગીરી માટે જવાબદાર ગણાશે?

હા. વાલીઓ તેમના બાળકો માટે વ્યક્તિગત પરીક્ષાના ગુણાંકો મેળવશે. આ ઉપરાંત, રાજ્યની જરુરિયાત છે કે સ્થાનિક શાળા પદ્ધતિઓ અંગ્રેજી 1, બીજગણિત/વિગત વિશ્લેષણ, જીવશાસ્ત્ર, અને સરકાર વિષયોના HSA ગુણાંકો, જે વિદ્યાર્થીઓ ફોલ 2001માં કે એ પછી ગ્રેડ 9 માં દાખલ થતા હોય, તેમના ટ્રાંસ્ક્રિપ્ટ પર છાપે, જેથી તમારું બાળક પરીક્ષાઓમાં તેનાથી બનતી બધી કોશિશ કરવા માંગશે.

## શું વિદ્યાર્થીઓએ ઉચ્ચ શાળાનો ડિપ્લોમા મેળવવા મેરિલેન્ડ ફંકશનલ પરીક્ષાઓમાં પાસ થવું અનિવાર્ય છે?

ઓગસ્ટ 2003માં મેરિલેન્ડ સ્ટેટ બોર્ડ ઓફ એડ્યુકેશન દ્વારા મેરિલેન્ડ ફંકશનલ ટેસ્ટિંગ કાર્યક્રમ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ઉચ્ચ શાળાનો ડિપ્લોમા મેળવવા મેરિલેન્ડ ફંકશનલ પરીક્ષાઓમાં પાસ થવાની જરુરિયાત ધરાવતો 2004નો સ્નાતક વર્ગ છેલ્લો વર્ગ છે. રાજ્ય બોર્ડે મેરિલેન્ડ ફંકશનલ ટેસ્ટિંગ કાર્યક્રમ બંધ કરવાનો નિર્ણય એટલા માટે લીધો કે જેથી શાળાઓ વિદ્યાર્થીઓને HSA માટે તૈયાર કરવામાં ધ્યાન આપી શકે. HSA ફંકશનલ ટેસ્ટસ કરતાં કે જે માત્ર આધારભૂત વાંચન, લેખન અને ગાણિતીક આવડતો તપાસે છે, વધુ પડકારજનક છે.

જો તમને તમારુ બાળક શાળામાં કઇ પરીક્ષાઓ આપશે એ વિશે પ્રશ્નો પૂછવા હોય, તો તેના કે તેણીના શિક્ષક કે માર્ગદર્શક સલાહકાર સાથે વાત કરો. તમે વધુ માહિતી અને નમૂના પરીક્ષાની લિંક્સ માટે મેટિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશનની વેબસાઇટ, www.marylandpublicschools.org પર જોઇ શકો છો. શિષ્યવૃત્તિ અને નાણાંકીય સહાય વિશેની માહિતી માટે, મેરિલેન્ડ હાયર એડ્યુકેશન કમિશનની વેબસાઇટ, www.mhec.state.md.us જુઓ, અને તમારા બાળકના માર્ગદર્શક સલાહકાર સાથે વાત કરો.



# મેરિલૅન્ડ હાઈસ્કૂલ અસેસમેન્ટ્સ્ પરીક્ષાના નમૂના સવાલો

## *બીજગણિત/વિગત વિશ્લેષણ આકારણીમાંથી અવતરણો*

નીચે આપેલી પરીક્ષાની વિગતો બીજગણિત/વિગત વિશ્લેષણ આકારણીમાંથી લેવાણી છે, જેને જાન્યુઆરી અને મે 2000માં તપાસવામાં આવી હતી. 2001, 2002, અને 2003 માં લેવાયેલી પરીક્ષાઓના નમૂના પ્રશ્નો જોવા માટે mdk12.org/mspp/high_school/look_like/ વેબસાઇટની મુલાકાત લો.

**સૂચના:**
નીચે આપેલો દાખલો પૂરો કરવા આન્સર બુકમાં આપેલી રિસ્પોન્સ ગ્રીડ વાપરો.

કિશા વાડાના કામ માટે દર કલાકનો $5.50 ભાવ લગાવે છે. તેણી દરેક કામ માટેના પુરવઠા માટે $ 2.00 પણ લગાવે છે. એક જ કામમાં $35.00 કમાવા માટે તેણીને કેટલા કલાક કામ કરવું પડશે?

**વિદ્યાર્થીનો જવાબ:**






**સૂચના:** નીચે આપેલો દાખલો આન્સર બુકમાં પૂરો કરો.

બે સાઇકલની દુકાનો ગ્રાહકે બતાવ્યા પ્રમાણે સાઇકલ બનાવે છે. બાઇસિકલ સિટિ $160 નો શુલ્ક ઉપરાંત સાઇકલ બનાવવા જેટલા દિવસ લાગે તે માટે દર દિવસના $80 નો શુલ્ક લગાવે છે. બાઇક ટાઉન સાઇકલ બનાવવા જેટલા દિવસ લાગે તે માટે દર દિવસના $120 લેખે શુલ્ક લે છે.

- દરેક દુકાન માટે x દિવસોમાં સાઇકલ બનાવવા લેવાતો શુલ્ક (C) એક સમીકરણ લખી દર્શાવો.
- કેટલા દિવસો માટે દરેક દુકાનનો શુલ્ક સમાન હશે? તેટલા દિવસો માટેનો શુલ્ક કેટલો હશે? તમારા જ્વાબને પ્રમાણિત કરવા માટે ગણિત વાપરો. (જો તમે દાખલો ગ્રાફની સહાયતાથી પૂર્ણ કરો, તો તમારો લેખિત જ્વાબ ઉમેરવા આન્સર બુકમાં આપેલી ગ્રીડ વાપરો.)
- ગ્રાહકે જણાવ્યા મુજબની સાઇકલ બનાવવા બાઇક ટાઉન કરતા બાઇસિકલ સિટિ ક્યારે સસ્તી પડશે? ક્યારે મોંઘી પડશે? તમારા જ્વાબને પ્રમાણિત કરવા ગણિતનો ઉપયોગ કરો.

**વિદ્યાર્થીનો જ્વાબ:**

Bike City
160 + 80x=C
160 + 80(4)=480

Bike Town
120x=C
120(4)=480




4 દિવસે દરેક દુકાનમાં શુલ્ક સમાન હશે $480
વધારે સસ્તી
Bike City
X>4
4 દિવસ પછી લાઇન નીચી છ
વધારે મોંઘી
Bike City
X<4

*નોંધ: વિદ્યાર્થીઓ વિભિન્ન રીતે જ્વાબ મેળવી શકે છે.*

**સૂચના:** તમારો જવાબ દર્શાવવા ઉચિત કુંડાળાને ઘેરો કરો.

નીચેનો કોઠો યુનાઇટેડ સ્ટેટસ્‌ના એવા કૂતરાઓની સંખ્યા દર્શાવે છે જેઓ અમુક કરતબો કરી શકે છે.

**કૂતરાના કરતબ**

| કરતબ | સંખ્યા (મિલિયનમાં) |
|---|---|
| બેસવું | 5.3 |
| પંજો હલાવે છે | 3.8 |
| ગુલાંટ મારે છે | 2.9 |
| પાછળના પગે ઉભા રહે છે | 1.9 |
| ગીત ગાઇ શકે છે | 0.8 |
| છાપું લઇ આવે છ | 0.4 |

**સ્ટિવ પાછલા પગે ઉભા રહી શકે અને ગીત ગાઇ શકે એવા કૂતરાઓની કોઠામાં આપેલી સંખ્યા ઉમેરે છે. એ નિષ્કર્ષ પર પહોંચે છે કે યુનાઇટેડ સ્ટેટ્સમાં પાછલા પગે ઉભા રહી શકે અથવા ગાઇ શકે એવા 2.7 મિલિયન કૂતરા છે. શા માટે આ વક્તવ્ય આપેલી વિગતોનો દુરુપયોગ છે?**

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A સ્ટિવે અમુક કૂતરા કોઇ કરતબ નથી કરી શકતા એ વાત ધ્યાનમાં નહોતી લીધી.
- ○ B સ્ટિવે અમુક કૂતરા માત્ર એક જ કરતબ કરી શકે છે એ વાત ધ્યાનમાં નહોતી લીધી.
- ○ C સ્ટિવે યૂનાઇટેડ સ્ટેટ્સના બધા કૂતરા ગણતરીમાં નથી લીધા.
- ● D સ્ટિવે અમુક કૂતરા બંને કરતબ કરી શકે છે એ વાત ધ્યાનમાં નહોતી લીધી.





# વિશેષ જરૂરિયાતો અને/કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની પરીક્ષા

મેરિલેન્ડના અમુક વિદ્યાર્થીઓની વિશેષ જરૂરિયાતો છે. ઉદાહરણ તરીકે, અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીને અને એવી જ રીતે હાલમાં જ અંગ્રેજી ભાષા શીખેલા વિદ્યાર્થીને કદાચ વિશેષ સૂચનાની અને પરીક્ષાની જરૂરિયાત હોઇ શકે છે. મેરિલેન્ડ દરેક વિદ્યાર્થીની સિદ્ધિ સુધારવા કટિબધ્ધ હોવાથી, વિશેષ જરૂરિયાતો અને/કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની પ્રગતિ માપવી ખૂબ અગત્યની છે. બધા વિદ્યાર્થીઓને બધી રાજ્ય સ્તરની પરીક્ષાઓમાં બની શકે તેટલો પૂરેપૂરો ભાગ લેવાનો અને મેરિલેન્ડની જવાબદારી પદ્ધતિનો ભાગ બનવાનો કાનૂની અધિકાર છે. વિદ્યાર્થીઓને તેઓ શું શીખ્યા છે એ દર્શાવવા સૂચના અને પરીક્ષામાં સવલતોનો પણ કાનૂની અધિકાર છે.

**જે વિદ્યાર્થીઓ વિશેષ શિક્ષણ સેવાઓ મેળવતા હશે તેઓ બધી રાજ્ય સ્તરની પરીક્ષાઓ આપશે,** સિવાય કે તેમનો ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એડ્યુકેશન પ્રોગ્રામ (IEP) દર્શાવતો હોય કે તેઓ Alt-MSA આપશે જે અગાઉ ઇન્ડિપેન્ડન્ટ માસ્ટરી અસેસમેન્ટ પ્રોગ્રામ (IMAP) તરીકે ઓળખાતો હતો. Alt-MSA એવા વિદ્યાર્થીઓ માટે રચાયેલી પરીક્ષા છે જેઓ સામાન્ય અભ્યાસક્રમમાં ભાગ નથી લઇ રહ્યા.

**જે વિદ્યાર્થીઓ ઇંગ્લિશ એઝ અ સેકન્ડ લેંગ્વેજ (અંગ્રેજી દ્વિતીય ભાષા તરીકે** (ESOL) **કાર્યક્રમ હેઠળ સૂચના મેળવતા હશે, તેમણે બધી રાજ્ય સ્તરની પરીક્ષાઓમાં ભાગ લેવો અનિવાર્ય છે.** સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિધાર્થીઓના રાજ્યસ્તરની પરીક્ષામાં ભાગ લેવા માટે ઉચિત સવલતો મેળવવા માટે દરેક શાળાની લિમિટેડ ઇંગ્લિશ પ્રોફિશિયન્ટ (LEP) સમિતિ નિર્ણયો લે છે.

**રાજ્ય સ્તરની પરીક્ષાઓ માટેની સવલતો એવી જ હશે જેવી વર્ગમાં સૂચના માટે આપવામાં આવે છે અને અસમર્થતાવાળા વિદ્યાર્થી માટેના** IEP માં અથવા લાયક 504 કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓ માટેની યોજનામાં દર્શાવવામાં આવી છે.

જો તમારા બાળકને સીમિત અંગ્રેજી કૌશલ્ય માટે વિશેષ જરૂરિયાતો હોય તો તેના કે તેણી માટેની સૂચના અને પરીક્ષાની યોજના વિશે વધુ જાણવા માટે તમારી શાળાને સંપર્ક કરો.

# જવાબદારી

મેરિલેન્ડ સિદ્ધિની વિગતો પ્રકાશિત કરી, પ્રગતિ માટે ઇનામ આપી, અને સુધારો ન થતો હોય તેવી શાળાઓને દંડ ફટકારી શાળા અને શાળા પદ્ધતિને જવાબદાર ઠેરવે છે.

પરિણામો કેવી રીતે પ્રકાશિત થાય છે?
વાલીઓ અને સમુદાય તેમની શાળાઓ કેવી કામગીરી કરે છે એ જાણી શકે એ માટે શાળાની સિદ્ધિના પરિણામો એક વાર્ષિક "રિપોર્ટ કાર્ડ" (મેરિલેન્ડ સ્કૂલ પર્ફોર્મન્સ રિપોર્ટ) માં પ્રકાશિત કરવામાં આવે છે. આ રિપોર્ટ www.mdreportcard.org વેબસાઇટ પર ઉપલબ્ધ છે. બધા જ વિદ્યાર્થીઓ પ્રગતિ સાધી રહ્યા છે એની ખાતરી કરવા રાજ્ય, શાળા પદ્ધતિ, અને શાળાના પરિણામો જાત/વંશ, જાતિ, અસમર્થતા, ગરીબીનો દરજ્જો, પરદેશી વસાહતીનો દરજ્જો, અને સીમિત અંગ્રેજી કૌશલ્ય અનુસાર જણાવવામાં આવે છે. (વિદ્યાર્થીઓના વ્યક્તિગત ગુણાંકો જાહેર કરવામાં નથી આવતા. એ તમારા માટે અને તમારા બાળકના શિક્ષકો માટે જ છે.)

શું શાળાઓને પ્રગતિ સાધવા બદલ ઇનામ આપવામાં આવે છે?
જો શાળાઓ સુધરે તો કદાચ તેમને નાણાંકીય ઇનામ અને માન્યતા મળી શકે છે.

જો કોઇ શાળા પ્રગતિ ન સાધે તો શું થશે?
મેરિલેન્ડ વિદ્યાર્થી સિદ્ધિ માટે વાર્ષિક ધ્યેય સ્થાપે છે. શાળાઓએ પર્યાપ્ત વાર્ષિક પ્રગતિ (AYP) સાધવા બધા પેટાજૂથોના બધા ધ્યેયો પ્રાપ્ત કરવા અનિવાર્ય છે. ફેડરલ 'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદાની જરૂરિયાતો અનુસાર મેરિલેન્ડે AYP નું નિરીક્ષણ કરવું પડે છે, પરિણામો વાલીઓને દેખાડવા પડે છે, અને જ્યારે શાળાઓ પ્રગતિ ન પામતી હોય ત્યારે પગલાં લેવા પડે છે.

- જો શાળા બે લગાતાર વર્ષો સુધી AYP પ્રાપ્ત ન કરે તો એ રાજ્ય શાળા સુધારણા વર્ષ 1 માટે ઓળખાશે. શાળાએ વિદ્યાર્થી સિદ્ધિની મુશ્કેલીઓ દૂર કરવા શાળા સુધારણા યોજના સુધારવી અનિવાર્ય છે. જો શાળા વધુ-ગરીબ શાળાઓ માટેના ફેડરલ ટાઇટલ I કાર્યક્રમમાં ભાગ લે, તો તેણે વાલીઓને તેમના બાળકોને વિસ્તારની વધુ સિદ્ધિ મેળવતી શાળામાં ફેરબદલી કરવાનો પર્યાય આપવો અનિવાર્ય છે.



સિદ્ધિ સૌથી વધુ મહત્ત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા

- જો શાળા ત્રીજે વર્ષ પણ AYP પ્રાપ્ત ન કરે, તો શાળા રાજ્ય શાળા સુધારણા વર્ષ 2માં દાખલ થશે. શાળાએ તેની સુધારણા યોજના અનુસરવી ચાલુ રાખવી અનિવાર્ય છે. જો શાળા ટાઇટલ I શાળા હોય, તો તેણે આર્થિક રીતે ગેરલાભ ધરાવતાં વિદ્યાર્થીઓને ટ્યૂટરીંગ જેવી વધારાની સેવાઓ પૂરી પાડવી અનિવાર્ય છે. જે વિદ્યાર્થીઓ નિ:શુલ્ક કે ઓછા ભાવે જમણ મેળવવા લાયક છે તેઓ આર્થિક રીતે ગેરલાભ ધરાવનારા ગણાય છે.

- જો લગાતાર ચાર વર્ષો પછી પણ શાળા AYP પ્રાપ્ત ન કરે, તો શાળા સુધારણા પગલામાં દાખલ થાય છે, અને શાળા પદ્ધતિએ શાળાને સુધારવા માટે વિશિષ્ટ પગલાં લેવા અનિવાર્ય છે. આ પગલામાં શાળાના કર્મચારીઓને બદલવા, નવો અભ્યાસક્રમ અપનાવવો, કે શાળાકીય વર્ષ વિસ્તારવાનું સામેલ હોઇ શકે.

- જો લગાતાર પાંચ વર્ષો પછી પણ શાળા AYP પ્રાપ્ત ન કરે, તો "પુન:બંધારણ" માં દાખલ થાય છે. પુન:બંધારણમાં શાળાના કામકાજ રાજ્ય કે સ્થાનિક શાળા પદ્ધતિના હસ્તક લઇ લેવા કે બીજા પગલાં સામેલ હોઇ શકે છે.

- જો શાળાને ઉપર જણાવેલા પગલાં લેવા પડે છે તો વાલીઓને એના વિશે જણાવવામાં આવશે. શાળાઓ લગાતાર બે વર્ષ સુધી AYP પ્રાપ્ત કરશે તો રાજ્ય શાળા સુધારણામાંથી બહાર નીકળશે.

એ યાદ રાખવું અગત્યનું છે કે રાજ્ય શાળા સુધારણા એ સુધારણા માટેની એક તક છે. જો કોઇ શાળા રાજ્ય શાળા સુધારણા માટે ઓળખવામાં આવે, તો એનો અર્થ એ નથી કે એ શાળા સારી નથી. ઉલ્ટું, કદાચ શાળા એકંદરે ઉચ્ચ-કામગીરી કરનારી હોઇ શકે પણ કોઇ એક કે વધુ પેટાજૂથોની કામગીરી માટે કામ કરવું પડે. રાજ્ય શાળા સુધારણામાંની શાળાઓની સૂચિ માટે, www.mdreportcard.org વેબસાઇટની મુલાકાત લો.



# વાલીઓનું સામેલ થવું

વિદ્યાર્થીની સિદ્ધિમાં વાલીઓ-કુટુંબોનો સમાવેશ મોટી ભૂમિકા ભજવે છે એ જાણીને, મેરિલેન્ડે વાલીઓને સામેલ કરવાની નીતિ અપનાવી છે. રાજ્યને શિક્ષણમાં વાલીઓને વધુ સામેલ કરવાના તેમના ધ્યેયમાં મદદ કરવા માટે ફોલ 2003માં, શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષક, Nancy S. Grasmickએ મેરિલેન્ડ્સ પેરેન્ટ એડવાઇઝરી કાઉન્સિલ (M-PAC) ની સ્થાપના કરી (પાનું ક્રમાંક 5 જુઓ). M-PAC, 140 વાલીઓ અને સલાહકારોનું જૂથ છે જે સ્ટેટ બોર્ડ ઓફ એડ્યુકેશન અને રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષકના વાલીઓના સમાવેશને લગતી બાબતો માટેના સલાહકાર તરીકેનો ભાગ ભજવશે. M-Pac વિશેની વધુ માહિતી માટે www.marylandpublicschools.org વેબસાઇટની મુલાકાત લો.

મેરિલેન્ડ શાળાઓ વાલીઓ અને કાનૂની પાલકોનું શાળામાં સ્વાગત કરે છે, તેમને પ્રશ્નો પૂછવા પ્રોત્સાહન આપે છે, અને તેમને નિર્ણયો લેવામાં સામેલ કરે છે. કુટુંબો અને શિક્ષકો તમારી શાળામાં સાથે મળીને કામ કરે છે એના માટે નિમ્નલિખિત ચિન્હો માટે જુઓ.

શાળાઓ અને કુટુંબો નિયમિત રીતે વાતચીત કરે છે.
- શાળાઓ કુટુંબો માટે બાળકોને ભણવામાં મદદ કરવા માટે ઉપયોગી સલાહ-સૂચનો સાથેના સમાચારપત્રો પ્રકાશિત કરે છે.





- શાળાઓ કુટુંબો સાથે શાળામાં ઉપલબ્ધ કાર્યક્રમો વિશે માહિતીની આપ-લે કરે છે.
- વાલીઓ તેમના બાળકના શિક્ષકોને ક્યારે અને કેવી રીતે સંપર્ક કરવો એ સમજે છે.

વાલીઓ વિદ્યાર્થીઓના ભણતરમાં અગત્યની ભૂમિકા ભજવે છે.
- શિક્ષકો વાલીઓને બાળકને ઘરકામમાં કેવી રીતે મદદ કરવી એ સમજવામાં મદદ કરે છે.
- વાલીઓ તેમના બાળકો માટેના લક્ષ્યાંકો નક્કી કરવામાં સામેલ હોય છે.

વાલીઓનું શાળામાં સ્વાગત થાય છે અને તેમની સહાયની કદર થાય છે.
- શાળાઓ વાલીઓ અને કુટુંબના સભ્યોને શાળાની પ્રવૃત્તિઓમાં સામેલ થવા પ્રોત્સાહન આપે છે.
- વાલીઓ શાળામાં ભજવવાના સ્વૈચ્છિક ભાગ વિશે જાણતા હોય છે.

વાલીઓને તેમના બાળકોને અસર કરતા નિર્ણયોમાં સામેલ કરવામાં આવે છે.
- શાળા પાસે નિર્ણયો લેવા માટે અને મુશ્કેલીઓનો ઉકેલ લાવવા માટે સ્પષ્ટ પ્રક્રિયા છે.
- વાલીઓને શાળાની નીતિઓ અને વિદ્યાર્થી અને શાળાની કામગીરી વિશેની બધી માહિતી ઉપલબ્ધ છે.
- શિક્ષકો અને વહીવટકર્તાઓ વાલીઓને તેમના બાળકોને અસર કરતા નિર્ણયોમાં સામેલ થવા પ્રોત્સાહિત કરે છે (દા.ત. અભ્યાસક્રમની પસંદગી, કારકિર્દીની યોજના).
- શાળા સુધારણા માટેના જૂથમાં વાલીઓના પ્રતિનિધિઓને સામેલ કરવામાં આવે છે.

કુટુંબો અને શાળાઓ સાથે મળીને કઇ રીતે શાળાઓ સુધારી શકે છે એ દર્શાવતા આ અમુક માર્ગો છે. તમે કદાચ તમારા બાળકના શિક્ષક કે પ્રિન્સિપાલને વધુ કઇ રીતે સામેલ થવું એ પૂછવા ઇચ્છી શકો છે. જ્યારે કુટુંબો અને શાળાઓ સાથે મળીને કામ કરે છે, ત્યારે બધાની જ જીત થાય છે.



# સિદ્ધિ માટે પ્રોત્સાહન આપવું

તમે તમારું બાળક શાળા અને જીવનમાં સફળ થાય એમ ઇચ્છો છો. તેને કે તેણીને સિદ્ધિ મેળવવા પ્રોત્સાહિત કરવાના અનેક માર્ગો છે. તમારા બાળકને શાળાકાળ દરમિયાન બને તેટલી વધુ સિદ્ધિ મેળવવા મદદ કરવા માટેના અમુક માર્ગો નીચે વર્ણવવામાં આવ્યા છે:

- તમારા બાળક માટે ઉચ્ચ અપેક્ષાઓ રાખો. એ સ્પષ્ટ કરી દો કે તેના માટે શાળા સૌથી વધુ મહત્ત્વની હોવી જોઇએ.
- તમારા બાળકની પ્રગતિ અને તમે તેના કે તેણીના સુધારા માટે શું મદદ કરી શકો છો, એ વિશે તમારા બાળકના શિક્ષક સાથે નિયમિત રીતે વાતચીત કરો.
- ઉચ્ચ શાળા માટેના અભ્યાસક્રમની પસંદગી માટે તમારા બાળકના માર્ગદર્શક સલાહકારને માધ્યમિક શાળાની શરુઆતના ભાગમાં મળો.
- દરરોજ તમારા બાળક સાથે વાત કરવા કે સાથે મળીને વાંચવા માટે ઓછામાં ઓછી 15 મિનિટ આપો. (વાલીઓ માટેની કુટુંબની





પ્રવૃત્તિઓની ભલામણો અને રોજિંદા સલાહ-સૂચનો માટે નિમ્નલિખિત વેબસાઇટ પર *ટેક 15 ફોર ધી ફેમિલી* જુઓ, www.marylandpublicschools.org/family_literacy/take15.htm )

- તમારા બાળકને ભણવા માટે શાંત જગ્યા આપો.
- તમારા બાળકને તેના કે તેણીના ઘરકામમાં મદદ કરો.
- તમારું બાળક શાળામાં શું કરે છે એ બાબતમાં રસ દાખવો.
- તમારા બાળકનો ટીવી જોવાનો સમય સીમિત કરો અને ટીવીમાં એ શું જુએ છે એના વિશે એની સાથે ચર્ચા કરો.
- તમારું બાળક વિડીઓ ગેમ રમવામાં કે ઇન્ટરનેટ પર કેટલો સમય વીતાવે છે એના પર ધ્યાન આપો.
- શાળાની પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક ભાગ લો અને બીજા વાલીઓને પણ ભેગા કરવા માટે કોશિશ કરો.
- તમારા બાળકને પડકારરુપ અભ્યાસક્રમો લેવા પ્રોત્સાહિત કરો.
- જો તમારું બાળક માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શાળામાં હોય તો, તેના કે તેણીના માર્ગદર્શક સલાહકાર સાથે મુલાકાત ગોઠવો.

**તમારા બાળક સાથે વાત કરવા કે સાથે મળીને વાંચવા માટે દરરોજ ઓછામાં ઓછી 15 મિનિટ આપો.**

# વધુ માહિતી માટે

જો તમને વિદ્યાર્થી કે શાળાની કામગીરી વિશે પ્રશ્નો પૂછવા હોય તો, તમારા બાળકના શિક્ષક, પ્રિન્સિપાલ કે માર્ગદર્શક સલાહકારને પૂછો. તમારી સ્થાનિક શાળા પદ્ધતિ માહિતી માટેનો બીજો સારો સ્ત્રોત છે. અને તમારા સાર્વજનિક વાંચનાલયને નહિ ભૂલતા! તમે વાંચનાલયના કમ્પ્યૂટરનો વેબ કનેક્ટ કરવા માટે ઉપયોગ કરી શકો છો, અને વાંચનાલયના કર્મચારીઓ તમારા સંશોધનમાં મદદ કરશે. વિદ્યાર્થીની સિદ્ધિ અને શાળાની સુધારણા વિશે વધુ જાણવા માટે નિમ્નલિખિત સંસ્થાઓ તમને મદદ કરી શકે છે.

**MARYLAND STATE DEPARTMENT OF EDUCATION**
200 West Baltimore Street
Baltimore, MD 21201
ફોન: 410-767-0600 કે 888-246-0016
ફેક્સ: 410-333-2275
TTY/TDD 410-333-3045

www.marylandpublicschools.org
*વર્તમાનપત્ર માટેની ખબરો અને કાર્યક્રમની માહિતી માટે*

www.mdk12.org
*સૂચના, શાળા સુધારણા માટેના જૂથો, અને વધુ માહિતી માટે*

www.mdreportcard.org
*શાળાની કામગીરીની વિગતો માટે*

**MARYLAND PTA**
5 Central Avenue
Glen Burnie, MD 21061
ફોન: 410-760-6221 કે 1-800-707-7972
ફેક્સ: 410-760-6344
www.mdpta.org

**U.S. DEPARTMENT OF EDUCATION**
400 Maryland Avenue, SW
Washington, DC 20202
ફોન: 1-800-USA-LEARN
ફેક્સ: 202-401-0689
TTY/TDD 1-800-437-0833

www.ed.gov
*સામાન્ય માહિતી માટે*

www.nochildleftbehind.org
*'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદા માટેની વધુ માહિતી માટે*

**MARYLAND HIGHER EDUCATION COMMISSION**
*કોલેજ, નાંણાકીય સહાય, અને શિષ્યવૃત્તિ માટેની વધુ માહિતી માટે*
839 Bestgate Road, Suite 400
Annapolis, Maryland 21401
ફોન: 410-260-4500 કે 1-800-974-0203
*સામાન્ય પૂછપરછ માટે*

ફોન: 410-260-4565 કે 1-800-974-1024
*નાણાંકીય સહાયની પૂછપરછ માટ*

ફેક્સ: 410-260-3200
TTY 800-735-2258

www.mhec.state.md.us





# અમે કેવું કાર્ય કરી રહ્યા છીએ?

સાર્વજનિક શિક્ષણ માટેના, મેરિલેન્ડના ધ્યેયો, શાળા સુધારણાના પ્રયત્નો, અને વાલીઓ તેમના બાળકો અને શાળામાં સિદ્ધિને પ્રોત્સાહિત કરવા શું કરી શકે છે એ સમજવામાં આ પ્રકાશને તમને કેટલી મદદ કરી એ અમે જાણવા માંગીએ છીએ. કૃપા કરીને નિમ્નલિખિત પ્રશ્નોના જવાબો આપવા થોડો સમય આપો.

**1. તમે આ પ્રકાશનમાં આપેલી વિગતો સમજ્યા?**

___ હા ___ ના ___ મને અમુક ભાગો બીજા કરતાં વધુ સારા સમજાણા.

કૃપા કરીને તમારી પસંદગી સમજાવો:

**2. શું અમે તમને જેની કાળજી હોય એ બાબતો વિશે જણાવ્યું?**

___ હા ___ ના ___ મેં અમુક બાબતોની બીજા કરતા વધુ કાળજી લીધી.

કૃપા કરીને તમારી પસંદગી સમજાવો:

**3. શું અમે દરેક વિષય માટે જોઈતા પ્રમાણમાં વિગતો આપી?**

___ હા ___ ના, *વધુ પડતી વિગતો* ___ ના, *પર્યાપ્ત વિગતો નહોતી.*

કૃપા કરીને તમારી પસંદગી સમજાવો:

**4. વધારાની ટિપ્પણીઓ**

અમે કેવું કાર્ય કરી રહ્યા છીએ એ જણાવવા તમે આપેલા સમય બદલ આભાર. કૃપા કરીને આ પૃષ્ઠ કાપીને 410-333-2275 પર ફેક્સ કરો અથવા Maryland State Department of Education, Communications and Strategic Planning Office, 200 West Baltimore Street, Baltimore, Maryland 21201-2595 સરનામા પર પોસ્ટ કરો.

# મેરિલૅન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન
# માહિતી માટે વિનંતી

નિમ્ન લિખિત પ્રકાશનો **www.marylandpublicschools.org** વેબસાઇટ પર ઉપલબ્ધ છે. છાપેલી આવૃત્તિ માટે વિનંતી કરવા, કૃપા કરીને આ પત્રક વાપરો.

______ *Maryland School Performance Report (મેરિલૅન્ડ સ્કૂલ પર્ફોમન્સ રિપોર્ટ)* (રાજ્યસ્તરની અને સ્થાનિક શાળા પદ્ધતિની કામગીરી વિશેનો અહેવાલ)

______ *The Fact Book (ધી ફેક્ટ બુક)* (સાર્વજનિક શિક્ષણના આંકડા)

*Fact Sheets (ફેક્ટ શીટ્સ)* (એક પૃષ્ઠની માહિતી ધરાવતા અહેવાલોની શૃંખલા)

- ______ મેરિલૅન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટ્સ
- ______ બ્રીજ ટુ એક્સીલન્સ ઇન પબ્લિક સ્કૂલ્સ કાયદા
- ______ સ્કૂલ્સ ઇન ઇમ્પ્રુવમેન્ટ, કરેક્ટીવ એક્શન, રિસ્ટ્રક્ચરીંગ હ્રસુધારણા, સુધારણા પગલાં, પુન:બંધારણ હેઠળની શાળાઓ)

______ * *ટેસ્ટિંગ ઇન મેરિલૅન્ડ: વાલીઓ માટે મેરિલૅન્ડ શાળાની આકારણી માટેની માર્ગદર્શિકા*

______ * *મેરિલૅન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટ્સ: શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષકનો વાલીઓ માટેનો સંદેશ*

______ * *સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા* (આ પ્રકાશનની વધુ પ્રતો માટેની વિનંતી કરવા)

** આ પ્રકાશન પસંદગીની વિદેશી ભાષાઓમાં ઉપલબ્ધ છે. કૃપા કરીને ઇચ્છિત વિદેશી ભાષા જણાવો.*

તમારું નામ: ______________________________________

સરનામું: ______________________________________

દિવસનો ફોન: ______________________________________

અહીં પોસ્ટ કરો: The Maryland State Department of Education
Communications and Strategic Planning Office
200 West Baltimore Street
Baltimore, Maryland 21201-2595

અથવા ફેક્સ કરો: 410-333-2275